તા. ૧૯.૦૪.૨૦૨૫
દિવ્ય ભાસ્કર અમદાવાદ એડિશન પેજ.૦૧

# ગાંધીનગર રૂટ પર આજે સવારે 8થી બપોરે 12.30 સુધી મેટ્રો બંધ

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

ગાંધીનગરમાં સેકટર-10એ અને સચિવાલય સુધી મેટ્રો રૂટની કામગીરી પૂર્ણ થતાં કમિશનર ઓફ મેટ્રો રેલ સેફ્ટી (સીએમઆરએસ) દ્વારા 19 એપ્રિલના રોજ સવારે 8થી બપોરે 12.30 સુધી ગાંધીનગર રૂટ પર મોટેરા સ્ટેડિયમથી સચિવાલય સુધી તેમજ ગિફ્ટ સિટી સુધીના રૂટનું નિરીક્ષણ કરાશે. મોટેરથી જીએનએલયુ વચ્ચે બંધ 7 સ્ટેશનમાંથી 5નું કામ પૂર્ણ થયું છે. નિરીક્ષણ બાદ સચિવાલય સુધીના રૂટ પર જીએમઆરસી દ્વારા જરૂરી સુધારા વધારા કરાશે. ત્યારબાદ સીએમઆરએસનો પ્રમાણપત્ર મળતા ટૂંક સમયમાં સચિવાલય સુધી મેટ્રોનું સંચાલન શરૂ થશે. કોટેશ્વર રોડ, વિશ્વકર્મા કોલેજ, તપોવન સર્કલ, નર્મદા કેનાલ અને કોબા સર્કલ જેવા 5 સ્ટેશનો પણ ટૂંક સમયમાં શરૂ કરાશે.